| | | |
|---|---|---|
| દાખલ તારીખ | – | ૨૦/૧/૨૦૨૬ |
| નોધણી તારીખ | – | ૨૦/૧/૨૦૨૬ |
| ફેસલ તારીખ | – | ૩૦/૦૩/૨૦૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| સમયગાળો | – | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**સાણંદના મહેરબાન એડી.જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**સાહેબની અદાલતમાં,મું: સાણંદ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. 121/2026**

**આંકઃ–**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**વિરૂધ્ધ**

**આરોપી–** **મધીબેન શંભુભાઈ ચુનારા**

રહે. ચાંગોદર, સાણંદ,અમદાવાદ(ગ્રામ્ય)

---

**ગુનો:–** પ્રોહી કલમ ૬૫(એ)(એ) મુજબ

---

**સરકાર તરફે વિ. વ. શ્રીઃ–** **વિ. એ. પી. પી. શ્રી એન.આર.રાણા**

**આરોપી તરફે વિ. વ. શ્રીઃ–** **સી. આર. પી. સી. કલમ–૨૯૯ મુજબ.**

---

**// ઠરાવ //**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામા ગે.કા.રીતે દેશીદારૂ લિટર ૦૩ રાખી રેડ દરમ્યાન હાજર નહી મળી ગુનો કરેલ. સદર ગુનાની ફરીયાદ ચાંગોદર પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૧૯૨૦૧૫૨૫૧૧૭૮ પ્રોહી કલમ: ૬૫(એ)(એ) મુજબનો ગુનો નોંધ્યા બાદ તપાસ

કરનાર અમલદારે ગુનાની તપાસની કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઇન્સાફી કાર્યવાહીના નિકાલ સારૂ રજુ કરવામાં આવેલ.

(૨) આ કામે આરોપી સામે પ્રોસેસ ઇસ્યુ કરવા છતાં આરોપી નામદાર અદાલતમાં હાજર રહેતા ના હોય નામ. કોર્ટ દ્વારા ક્રિમીનલ પ્રોસી.કોડની કલમ–૨૯૯ હેઠળ તેમની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**(અ) મૌખિક પુરાવોઃ–**

| **ક્રમ** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચસાહેદ વિજયભાઈ ભીખાભાઈની જુબાની | ૪ |
| ૨. | પંચસાહેદ રણજીતભાઈ વિઠલભાઈની જુબાની | ૬ |

**(બ) દસ્તાવેજી પુરાવાઓઃ–**

| **ક્રમ** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૫ |
| ૨ | ફરીયાદ | ૭ |

(૪) આ સિવાય ફરિયાદી તરફે અન્ય કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી અને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક રજુઆત કરેલી છે કે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી અને તેથી ફરિયાદી પક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે. ફરિયાદી પક્ષ તરફે રજૂ પુરાવો જોતા આરોપીનું સી.આર.પી.સી. કલમ – ૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરતો પુરાવો ઉપલબ્ધ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

(૧) શુ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામા ગે.કા.રીતે દેશીદારૂ લિટર ૦૩ રાખી રેડ દરમ્યાન હાજર નહી મળી પ્રોહી કલમ: ૬૫(એ)(એ) અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

(૧) નકારમા

(૨) આખરી હુકમ મુજબ.

//***નિર્ણય માટેના કારણો*** //

**(૭) મુદ્દા ન. ૧ઃ–**

આ કામે પડેલ પુરાવાઓનુ પરીક્ષણ અને મુલ્યાંકન કરીએ તો આ કામે ફરીયાદપક્ષે આંક–૪ થી પંચસાહેદ વિજયભાઈ ભીખાભાઈનાઓને તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ પોલીસે તેમને બોલાવીને એક તૈયાર પંચનામામા તેમની સહી કરાવેલી તે સિવાય હાલના કામે બીજુ કંઈ તેઓ જાણતા નથી. તેમને પંચનામાની નકલ બતાવવામા આવેલ છે. જેમા પંચ ૧ તરીકે તેમની સહી છે જે ઝેરોક્ષ પંચનામાને આંક: ૦૫ આપવામા આવેલ છે

આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી. જ્યારે આરોપીની સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ ગેરહાજરીમાં કેસ આગળ ચાલેલ હોય ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

વધુમા સદર કામે પંચસાહેદ રણજીતભાઈ વિઠલભાઈ નાઓને આંક: ૬ થી તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ પોલીસે તેમને બોલાવીને એક તૈયાર પંચનામામા તેમની સહી કરાવેલી તે સિવાય હાલના કામે બીજુ કંઈ તેઓ

જાણતા નથી. તેમને આંક: ૦૫ ના પંચનામાની નકલ બતાવવામા આવેલ છે. જેમા પંચ ૨ તરીકે તેમની સહી છે

આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી. જયારે આરોપીની સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ ગેરહાજરીમાં કેસ આગળ ચાલેલ હોય ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૮) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા સદર કામે પંચોને તપાસવામા આવેલ છે જે આંક: ૦૫ ના પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી જેથી સદર કામે જે જગ્યાએથી મુદામાલ મળી આવેલ તે કોની માલીકીનો હતો તે અંગેની કોઈ હકીકત રેકર્ડ પર રજુ થયેલ ન હોય આ કામે મળી આવેલ મુદામાલ આરોપીનો હોવા અંગે પણ શંકા ઉપસ્થિત થાય છે આથી ફરીયાદીએ પંચની હાજરીમાં મુદામાલ દેશીદારૂ કબ્જે કરેલ હોય તેવી હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમા સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન હાલના કામે લેવામા આવેલ નથી. આમ, બનાવ સમયે ત્રાહીત વ્યકિતની હાજરી હોવી સુચક હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી કે તેઓના નામ ચાર્જશીટમાં દર્શાવેલ નથી જેથી આ કામે આરોપી પાસેથી મુદામાલ મળેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થાય તેમ છે. વળી સદર કામે પ્રમાણીત ટેસ્ટીંગ લેબોરેટરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીપોર્ટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. જેથી પકડાયેલ પ્રવાહી નશાકારક હતુ કે નહી તે પણ ચોકકસ પણે માની ન શકાય જેથી સદર કામના આરોપીને સદર ગુના માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતુ નથી.

(૯) વધુમાં, આ કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ ધ્યાને લેતાં.....

S.299 Record of evidence in absence of accused

(1) If it is proved that an accused person has absconded, and that there is no immediate prospect of arresting him, the Court competent to try 1[or commit for trial] such person for the offence complained of, may, in his

absence, examine the witnesses (if any) produced on behalf of the prosecution, and record their depositions and any such deposition may, on the arrest of such person, be given in evidence against him on the inquiry into, or trial for, the offence with which he is charged, if the deponent is dead or incapable of giving evidence or cannot be found or his presence cannot be procured without an amount of delay, expense or inconvenience which, under the circumstances of the case, would be unreasonable.

આ કામે આરોપી ભવિષ્યમાં મળી આવે અને સદર કામે નોંધાયેલ પુરાવો કબુલ મંજુર રાખે અને એક પણ સાહેદની ઉલટતપાસ ન કરે તો પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ક્રિમી. પ્રોસીજર કોડની કલમ–૩૫૩(૬) ધ્યાને લેતાં,

S.353Judgment

(6) If the accused is not in custody, he shall be required by the Court to attend to hear the judgment pronounced, except where his personal attendance during the trial has been dispensed with and the sentence is one of fine only or he is acquitted:

Provided that, where there are more accused than one, and one or more of them do not attend the Court on the date on which the judgment is to be pronounced, the presiding officer may, in order to avoid undue delay in the disposal of the case, pronounce the judgment notwithstanding their absence

જો આરોપી સામેનો કેસ પુરવાર થતો ન હોય તો આરોપીની ગેરહાજરીમાં હુકમ કરવામાં આવેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવી શકાય.

(૧૦) ફોજદારી ન્યાયપ્રણાલીનો મુળભુત સિંધ્ધાત એવો છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને તેનો સંપુર્ણ બોજો ફરીયાદપક્ષ પર જ હોય છે અને આ કામે આરોપી વિરૂધ્ધ કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ થયેલ ન હોય અને તેથી આરોપી સામેના આક્ષેપિત ગુનો સાબીત થતો ન હોય જેથી મુદ્દા ન. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–**૨૪૮(૧)** અન્વયે આ કામે આરોપી **મઘીબેન શંભુભાઈ ચુનારા** રહે. ચાંગોદર, સાણંદ,અમદાવાદ(ગ્રામ્ય) નાઓને પ્રોહી એકટની કલમ: ૬૫(એ)(એ), મુજબના ગુનામાંથી તેમની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કો.કલમ –૩૫૩(૬) મુજબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારુનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી ઘોષીત કર્યો.

**(કે.વી.પાઠક)**

તા. ૩૦/૦૩/૨૦૨૬ એડી.જયુડી.મેજી.ફ.ક.

સ્થળ: સાણંદ સાણંદ,અમદાવાદ(ગ્રામ્ય).

[કોડ નં. જી જે ૦૧૬૪૩ ]